સે-૭માં માધ્યમિક શાળા બનશે તો બાળકોને રમતનું મેદાન નહીં મળે!

સે-૨ વસાહત મંડળે સેકટરમાં શાળા બનાવવા રજૂઆત કરી

ગાંધીનગર, તા.૧૯

સે-૭ પ્રાથમિક શાળાના મેદાનમાં જ માધ્યમિક શાળા બનાવવાના મામલે સે-૨ વસાહત મંડળે નારાજગી વ્યકત કરી સે-૨માં માધ્યમિક શાળા માટે જગ્યા ફાળવવા મુખ્યમંત્રીને રજૂઆત કરી છે.

સે-૨ વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્ર આર. પારેખના જણાવ્યા મુજબ નવ વિકસિત વિસ્તારમાં સે-૧ થી ૯ ઉપરાંત ઈન્દ્રોડા અને ધોળાકૂવા ગામ સહીત ઘ-૦ થી સરગાસણ વિસ્તારમાં નવીન સોસાયટી અસ્તિત્વમાં આવી છે. જયારે સે-૭ માધ્યમિક શાળાને પોતાનું સ્વતંત્ર મકાન નહીં હોવાથી સે-૨માં ઉચ્ચતર માધ્યમિક શાળા શરુ કરવાનો પ્રશ્ન ૧૫ વર્ષથી પડતર છે. આ મામલે અંદાજપત્રમાં છેલ્લા ત્રણ વર્ષથી જોગવાઈ કરવામાં આવે છે. આમ છતાં માર્ગ મકાન વિભાગ દ્વારા જમીન ફાળવવાના મામલે કોઈ કાર્યવાહી થતી નથી. બીજી તરફ સે-૭ની પ્રાથમિક શાળાના મેદાનમાં જ માધ્યમિક શાળા બનવવા પ્રયત્નો થઈ રહ્યા છે સે-૭ પ્રા. શાળાના મેદાનમાં માધ્યમિક શાળા શરુ થશે તો બાળકોને રમવાનું મેદાન પણ મળશે નહી અને ઘોંઘાટનો સામનો કરવો પડશે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ સે-૨માં માધ્યમિક શાળા બનાવવાનો નિર્ણય લેવાય તેવી માંગણી તેમણે કરી છે.

રાજયપાલ દ્વારા સન્માનિત વડીલને જાનથી મારી નાંખવાની ધમકીઓ

ધારાસભ્ય સહિત પાંચ વ્યકિતઓ સામે અરજી કરવા છતાં કોઈ જ કાર્યવાહી કરાતી ન હોવાનો આક્ષેપ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૪ ખાતે રહેતા અને ગુજરાતના રાજયપાલ દ્વારા સન્માનિત થયેલા ૭૬ વર્ષીય વડીલને એક ધારાસભ્ય સહિત પાંચ વ્યકિતઓએ મળીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ સંદર્ભે પોલીસ સ્ટેશનથી માંડીને મુખ્યમંત્રીની લોક ફરિયાદમાં પણ અરજી કરવા છતાં કોઈ પગલા ન લેવાતા હોવાનો આક્ષેપ વડીલે કર્યો છે.

ગુજરાત રાજય કોળી સેવા સમાજ ગાંધીનગરનાં ટ્રસ્ટીઓની મીટીંગ રદ કરવાની જાહેરાત આપ્યા સંદર્ભે રકઝક ઘણા લાંબા સમયથી ચાલી રહી છે જેમાં સે-૪ ખાતે રહેતા ૭૬ વર્ષીય ગોરધનભાઈ લખધીરભાઈ પટેલને સે-૪ની છાત્રાલય ખાતે બોલાવી ધારાસભ્ય લાલજીભાઈ ચુતભાઈ મેર તથા ઠાકોર કોળી વિકાસ મંડળના ભૂતપૂર્વ ઉપપ્રમુખ કાળુભાઈ રૂપાભાઈ ડાભી, જયંતિભાઈ ગોહિલ તથા મુન્નો સોલંકી અને કેતન તાવીયાએ ગાળાગાળી કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની લેખિત અરજી ગોરધનભાઈએ કરી છે. પોલીસથી મુખ્યમંત્રી સુધી અરજીઓ કરવા છતાં કોઈ કાર્યવાહી કરાતી ન હોવાનો આક્ષેપ ગોરધનભાઈ દ્વારા કરવામાં આવ્યો છે.

આજથી જલારામ ધામ ખાતે રામકથાનો મંગલ પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૯

આજથી શહેરના પ્રસિદ્ધ જલારામ મંદિર સે. ૨૯ ખાતે પ.પૂ. શ્રી રમાબેન હરિયાણીની વ્યાસપીઠે શ્રી રામકથાનો મંગલ પ્રારંભ કરવામાં આવશે.

જલારામ મંદિર ખાતે આજથી શરૂ થતી શ્રી રામકથાનું આયોજન જલારામ સેવા સમાજ દ્વારા તા. ૨૦ થી ૨૯ દરમ્યાન રામકથાનું આયોજન કરવામાં આવ્યુ છે. રામકથાની શરૂઆતમાં ચ-૬ ખાતેથી પોથીયાત્રા બપોરે ૩.૦૦ કલાકેથી ફેરવવામાં આવશે.

રામકથાનું રસપાન સમર્થ ગુરૂદેવના શિષ્યા પ.પૂ. શ્રી રમાબેન હરિયાણી કરાવશે. જેમણે ૩૫૦ થી વધુ રામકથામાં રસપાન કરાવ્યું છે. અને ૮૦૦ થી વધુ રામચરિત માનસના કાર્યક્રમો કર્યા છે. રામકથા કાર્યક્રમ દરમ્યાન મંદિર ખાતે દરરોજ વઢવાણ સુંદરકાંડ પરિવાર દ્વારા ૧૧ હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવશે. તેમજ બપોરે ૩ થી ૬ કલાક દરમ્યાન કથાનું શ્રવણ કરાવવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં વર્ષોથી જલારામ સેવા સમાજ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં ૨૬ વર્ષથી અવિરત અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે. જેમાં શહેરમાં રહેતા અસંખ્ય ગરીબો લાભ લે છે. તેમજ સંસ્થા દ્વારા અનેક નિદાન કેમ્પો કરવામાં આવે છે.

જલારામ સંસ્થા દ્વારા દર મહિનાની સુદ સાતમે ગાંધીનગરની હોસ્પિટલમાં દર્દીઓને અને વૃદ્ધાશ્રમોમાં વૃદ્ધોને વિના મૂલ્યે ફળફળાદીનું વિતરણ કરવામાં આવે છે.

નો પાર્કીંગમાં મુકેલી ૧૦ રિક્ષાઓ ડીટેઈન

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૭ પોલીસે આજે આડેધડ પાર્ક થતી રિક્ષાઓ પર સપાટો બોલાવ્યો છે. એક જ દિવસમાં નો પાર્કિંગમાં પાર્ક કરેલી ૧૦ રિક્ષાઓને ડીટેઈન કરી લઈ તેના ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એક જ દિવસે ૧૦ રિક્ષાઓ ડીટેઈન કરી લેતા બપોરથી રિક્ષાઓ છોડાવવા ચાલકોની સે-૭ પોલીસ સ્ટેશન અને ત્યાબાદ કોર્ટમાં કતાર લાગી હતી.

પોર-કુડાસણ રોડ રીફ્રેશીંગ અને પહોળો થશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર પાસેના પોર-કુડાસણ રોડ અતિ બિસ્માર અને સાંકડો હોવાથી ગામલોકો દ્વારા અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી. જેના પગલે આજરોજ જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ દ્વારા કામનો વર્ક ઓડર આપવામાં આવ્યો હતો.

શહેરની સાથે પોર અને કુડાસણ ગામ હરણફાળ પ્રગતિ કરી રહ્યું છે. ત્યારે કુડાસણથી પોર જવાનો માર્ગ અતિ બિસ્માર અને સાંકડો હોવાથી ગામલોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. અને ખરાબ રોડને પહોળો અને રીફ્રેશીંગ કરવા રજુઆત પણ કરવામાં આવી હતી.

આજરોજ ગામલોકોની માગણીને જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલે લીલીઝંડી બતાવી જિલ્લાપંચાયતના કાર્યપાલક ઈજનેર (મા.મ.) વિભાગને વર્કઓર્ડર સુપરત કરવામાં આવ્યો હતો.

હોટલ ભાડે આપીને પોલીસને જાણ ન કરનાર માલિક સામે ગુનો દાખલ

મહુન્દ્રા પાટીયા પાસેની હોટલ ત્રણ વર્ષથી ભાડે આપી હોવા છતાં પોલીસને ભાડુઆતની જાણ કરાઈ ન હતી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક હિંમતનગર-ચિલોડા હાઈવે પર સ્થિત મહુન્દ્રા પાટીયા પાસે એક હોટલને ભાડે આપી હોવા છતાં સ્થાનિક પોલીસને હોટલ ભાડે આપ્યા અંગેની જાણ કરવામાં આવી નહતી. ચિલોડા પોલીસે દરોડો પાડીને હોટલ ભાડે આપનાર માલિક સામે કલેકટરના જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હિંમતનગર-ચિલોડા હાઈવે પર સ્થિત મહુન્દ્રા ગામની સીમમાં આવેલી જય અંબે શેખાવત હોટલ ગાંધીનગરની મોટી શિહોલી ખાતે રહેતા દશરથભાઈ માધાભાઈ પટેલની છે. આ હોટલ દશરથભાઈએ ત્રણ વર્ષથી અમરસિંહ જબ્બરસિંહ શેખાવતને ભાડે આપી છે. હોટલ ભાડે આપી હોવા છતાં સ્થાનિક પોલીસને ભાડુઆત અંગેની જાણ કરવામાં આવી ન હતી. ચિલોડા પોલીસે ચેકીંગ કરીને હોટલ માલિક દશરથભાઈ પટેલ સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

ગાંધીનગર શહેરની સુવર્ણ જયંતિ ઉજવણીનાં ભાગરૂપે સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા સેકટર-૫-એ ખાતે હરેશભાઈ પાલાનાં નિવાસસ્થાને કેતનભાઈ ધોળુનાં અધ્યક્ષ સ્થાને એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ મહત્તમ યોગદાન આપી શકે અને આ ઉજવણીને વધુને વધુ સારી રીતે કરી શકાય તે અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ભોજન સાથે રાખવામાં આવેલી આ બેઠકમાં સંસ્થાના સભ્યોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

ચિલોડા સેવા સહકારી મંડળીના ચેરમેન પદે જગદીશભાઈ બી. પટેલની પુનઃ વરણી

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર તાલુકાની ચિલોડા-મોટા ખાતેની ચિલોડા સેવા સહકારી મંડળી દિનપ્રતિદિન પ્રગતિના સોપાનો સર કરી રહી છે. તાજેતરમાં વર્ષ-૨૦૧૩-૧૪ના વર્ષમાં થયેલ વ્યવસ્થાપક મંડળીની ચૂંટણીમાં બિનહરીફ સભ્યો સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પટેલ જગદીશભાઈ બાબુભાઈ ચેરમેનપદે, પટેલ જયંતિભાઈ હરગોવિંદભાઈ વાઈસ ચેરમેન, પટેલ, અને સભ્યશ્રીઓમાં જયંતિભાઈ ગોરધનદાસ, પટેલ ધનજીભાઈ રેવનદાસ, પટેલ શકરાભાઈ ફકીરચન્દ્ર, પટેલ વિનોદચંદ્ર બાબુલાલ, પટેલ અજીતભાઈ કેશવલાલ, પટેલ અંબાલાલ રામદાસ, ઉમેદજી આતાજી, ઠાકોર ડાહ્યાજી બબાજી, સોલંકી જયંતિભાઈ ભનાભાઈ સભ્યશ્રી પદે ચૂંટાઈ આવ્યા છે. આ તમામ કમિટીના સભ્યો બિનહરીફ સર્વાનુમતે વરણી થતાં હર્ષની લાગણી સાથે અભિનંદનને પાત્ર બન્યા છે.

શિક્ષણ બોર્ડનું ૧૧૫ કરોડનું બજેટ અંતે મંજુર કરી દેવાયુ

અમદાવાદ, તા.૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય સભા આજે ગાંધીનગર ખાતે મળી હતી જેમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫નું રૂપિયા ૧,૧૫,૩૩,૦૬,૦૦૦નું અંદાજપત્ર મંજુર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં બાકીના સમય માટે આવકી રૂપિયા ૧૨,૧૦,૦૧,૫૦૦નો વધારાના ખર્ચનો સામાન્ય સભામાં બહાલી આપવામાં આવી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વર્તમાન બોર્ડની બીજી સામાન્ય સભા આજે ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં શિક્ષણ બોર્ડના નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ના વાર્ષિક હિસાબો સભા સમક્ષરજુ કરવામાં આવ્યા હતા. જેમાં બોર્ડની રૂપિયા ૫૬,૯૯,૦૬,૩૯૯ની આવક સામે બોર્ડની પરીક્ષા, સંશોધન, તાલીમ અને બોર્ડની અન્ય કામગીરી માટે થયેલ રૂા. ૪૮,૧૭,૨૫,૯૬૭ના ખર્ચને મંજુર રાખવામાં આવ્યો હતો. આ ઉપરાંત બોર્ડના નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪નું સુધારેલ અંદાજપત્ર અને વર્ષ ૨૦૧૪-૧૫નું અંદાજપત્ર સામાન્ય સભા સમક્ષ મુકવામાં આવ્યું હતું. જેમાં નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ના મુળ બજેટ ૯૩,૯૧,૩૭,૫૦૦ રૂપિયાની સામે ૧,૧૪,૦૬,૬૧,૦૦૦ રૂપિયાના સુધારેલ બજેટને મંજુર કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે બોર્ડની પરીક્ષા સમિતિ અને કારોબારી સમિતિ દ્વારા ગત વર્ષ પરીક્ષા વિષયક કામગીરીના મહેનતાણાના દરોમાં વધારો કરવામાં આવ્યો હતો જેના કારણે શિક્ષણ બોર્ડ વર્ષ ૨૦૧૩-૧૪ના બજેટમાં વધારો કરવાની ફરજ પડી હતી. અને રૂપિયા મુળ બજેટ સામે રૂપિયા ૨૦,૧૫,૨૯,૫૦૦ના વધારાના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. તેની સાથે નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫નું રૂપિયા ૧,૧૫,૩૩,૦૬,૦૦૦નું અંદાજપત્ર પણ મંજુર કરવામાં આવ્યું હતું.

આજની સામાન્ય સભામાં બોર્ડના સભ્યોના પ્રશ્નો અને પ્રસ્તાવો સ્વીકારવા માટે હવેથી ઈન્ફર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ અંગે વિચારણા કરવા માટે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઓપન સ્કુલ સેન્ટરમાંથી જે વિદ્યાર્થીઓ ફોર્મ ભરે છે તેના બદલે બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓમાંથી ખાનગી વિદ્યાર્થીઓ પોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરવા માટે ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલને ભલામણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

તરણ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૧૯

ખેલ મહાકુંભ અંતર્ગત

યોજાયેલ જિલ્લા કક્ષાની અંડર-૧૨ વય જૂથની તરણ સ્પર્ધામાં માઉન્ટ કાર્મેલ સ્કુલમાં ધો-૬માં અભ્યાસ કરતા શિવમ મેઘનાથીએ સચિવાલય જીમખાના ખાતે યોજાયેલી અંડર-૧૨ વય જૂથ તરણ સ્પર્ધામાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. સરકારી કોલેજ ખાતે પ્રોફેસર તરીકે ફરજ બજાવતા રસિકભાઈ મેઘનાથીનો તે પુત્ર છે.

બેન્કીંગ વિશેનું જ્ઞાન મેળવ્યું

કડી સંકુલમાં આવેલી શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધો-૮ની ૩૮૦ વિદ્યાર્થીનીઓએ બેન્કની કામગીરી વિશેની માહિતી મેળવી. એમ.બી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ કાલુપુર કો-ઓપરેટીવ બેન્કની રૂબરૂ મુલાકાત લઈ બેન્કની કામગીરીનો ખ્યાલ મેળવ્યો હતો. વિદ્યાર્થીઓને બેન્કના મેનેજર સંતોષભાઈએ ઊંડાણપૂર્વકની માહિતી આપી હતી.

જરૂરી લાઈસન્સ ઈશ્યૂ કરનાર સોફ્ટવેર વારંવાર હેંગ થાય છે

અમદાવાદ, તા.૧૯

વિશ્વના સૌથી ઝડપતા વિકસતા ત્રીજા ક્રમના અમદાવાદ શહેરમાં આવેલ અનહાઈટેક આરટીઓ કચેરીની મુળ ધીમા સોફ્ટવેરની સમસ્યા હલ થવાનું નામ લેતી નથી. કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલ આધુનિક કહેવાતી આરટીઓ કચેરીમાં અવારનવાર લાઈસન્સ ઈશ્યુ કરતું સોફ્ટવેર હેંગ થઈ જાય છે. જેના કારણે નાગરીકો રીતસર ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

અમદાવાદ આરટીઓ કચેરીમાં લાઈસન્સ મેળવવા ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમ કાર્યરત છે. આ ઓનલાઈન એપોઈન્ટમેન્ટથી નાગરીકોને એફાયદો થયો કે ચોક્કસ સમયે જ લાયસન્સ કઢાવવા આવવાનું હોવાથી નાગરીકોનો સમય બચે છે. પરંતુ લાઈસન્સ માટે કાર્યરત કાચબા સોફ્ટવેરથી નાગરીકોનો ખુબ સમય બરબાદ થાય છે. કચેરીએ એપોઈન્ટમેન્ટ સિસ્ટમ ચાલુ કરી પણ જે મુળ સમસ્યા છેલ્લા આટલા સમયથી ઉઠી રહી છે તેવી ધીમા સોફ્ટવેરની સમસ્યા પર બિલકુલ ધ્યાન આપ્યું નથી.

આરટીઓ કચેરીમાં રોજના ૭૦૦થી વધુ લાયસન્સ ઈસ્યુ થાય છે. ઉપરાંત લાઈસન્સ અર્થે જે સોફ્ટવેર આરટીઓ કચેરીએ વસાવ્યું છે. તેની ૭૦૦ લાઈસન્સ ઈસ્યુ કરવાની ક્ષમતા જ નથી કેમ કે રોજ અડધો કે કલાક અમુક વખત બે કે ત્રણ સુધી સોફ્ટવેર હેંગ થઈ જાય છે. જેનાથી નાગરીકોહેરાન પરેશાન થઈ જાય છે. રાજય સરકારે પૂર્વ અમદાવાદ માટે વસ્ત્રાલ ખાતે નવી આરટીઓ કચેરી બનાવી છતાં આરટીઓ પર કાર્યબોજ હળવો થતો નથી. બીજુ કચેરીમાં નાગરીકોને સુવ્યવસ્થિત સુવિધા મળતી નથી. સુત્રોની જાણકારી અનુસાર જો આરટીઓ કચેરી સારી ગુણવત્તાવાળું સોફ્ટવેર વસાવે તો આરટીઓ કચેરીની કામગીરી ખરેખર વખણાય પણ આરટીઓ કચેરીને ધીમા સોફ્ટવેરની સમસ્યા દૂર કરવા કયા નક્ષત્ર નડે છે એની માહિતી કોઈ જ્યોતિષ પાસે પણ નથી.

એન.એસ.એસ. કલ્ચર એકસચેન્જ કાર્યક્રમ અંતર્ગત ઓરિસ્સા રાજયના ૪૦ જેટલાં યુવાઓ ગઈ કાલે ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા. જેમાં સૌ પ્રથમ સે-૨૬ સ્થિત મધુર ડેરીની મુલાકાત લીધી હતી. જયાં ડેરીના અધિકારી જયંતિભાઈ વધાસીયાએ સવિસ્તાર માહિતી આપી હતી. ત્યારબાદ જુ.સી.કા. સંચાલિત મુકિતધામની મુલાકાત લીધી હતી. સંસ્થા દ્વારા કરવામાં આવતા કાર્યો વિશે પરીખકાકાએ માહિતીથી વાકેફ કર્યા હતા. આ બંને સ્થળોએ ગાંધીનગર નહેરૂ યુવા કેન્દ્રનાં યુથ કોર્ડીનેટર રજનીકાંત સુથારનાં માર્ગદર્શનનું મહત્વનું યોગદાન સાંપડયું હતું. એન.એસ.એસ. કમલકરજીનાં નેતૃત્વમાં આ મુલાકાત લેવાઈ હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

અમદાવાદમાં ગેરકાયદે પાર્કીંગની જગ્યા ખાલી કરાવા નોટીસો જારી

શહેરમાં દિવસેને દિવસે ટ્રાફીકની સમસ્યા વધતી જાય છે. પાર્કીંગની વ્યવસ્થા હોવા છતાં પણ શહેરમાં આવતા મોલ, હોસ્પિટલો, સ્કુલ દ્વારા રસ્તા પર પાર્કીંગ કરવા દેવામાં આવે છે. જેના લીધે ટ્રાફીકની સમસ્યા ઉદભવે છે. ટ્રાફીકની સમસ્યાના નિવાકરણ માટે ગુરૂવારના રોજ શહેરના પશ્ચિમઝોનની દરેક કોમર્શીયલ મિલકત, મોલ, હોસ્પિટલ, સ્કુલ, કોલેજોને નોટીસો આપીને જાહેર રોડ ઉપર પાર્કીંગ ન થાય તે માટે જણાવ્યું છે. તેમજ શહેરના નવા પશ્ચિમ ઝોનમાં જોધપુર વોર્ડમાં કામેશ્વર સ્કુલ, સત્યમ મોલ, સમાન કોમ્પલેક્ષ અને ગોતા વોર્ડમાં શુકન મોલ, સીમ્સ હોસ્પિટલ પાસે અને થલતેજ વોર્ડમાં સિલ્વર સ્કવેર કોમ્પલેક્ષ આ તમામને નિયત પાર્કીંગની જગ્યામાં પાર્કીંગ કરી રોડ પર પાર્કીંગ ન કરવા તાકીદ કરતી નોટીસ આપવામાં આવી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૬
સૂર્યાસ્ત : ૬.૧૪

તાપમાન

મહત્તમ : ૨૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૯ ટકા ● સાંજે ૩૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૧૧.૧૦, ૨.૪૦, ૬.૨૫,૯.૫૫
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૨૫, ૮.૧૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૦, ૧.૪૦, ૫.૨૫, ૯.૧૦
: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૮.૧૦, ૧૧.૪૦, ૩.૧૦, ૬.૫૫, ૧૦.૨૫

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૩૦, ૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
આર કુમાર : ૧૨.૧૫, ૬.૪૫

વિરાગ, કલોલ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

કન્યા : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શકયતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

મીન : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. સાંકળદાસ ભગવાનદાસ પટેલ (ઉ.વ. ૯૦) મુ.પો. દેલવાડ, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. નરસિંહભાઈ જીવરામદાસ પટેલ (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૩૯૩/૨, વરિષ્ટ એપાર્ટમેન્ટ, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. ચૂનીલાલ નરોત્તમદાસ પટેલ (ઉ.વ. ૬૮) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મધુબેન લક્ષ્મણભાઈ દંતાણી (ઉ.વ. ૪૦) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બચુજી ધૂળાજી ઠાકોર (ઉ.વ. ૪૧) મુ.પો. મોટી આદરજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મનુભાઈ મફાભાઈ વાલ્મિકી (ઉ.વ. ૪૫) સેકટર- ૧ ૩ના કાચા છાપરાં, ગાંધીનગર.